# ✻ 17. आश्रमवर्णनम् ✻

[**પ્રસ્તાવના :** સંસ્કૃતસાહિત્યમાં બાણની કાદંબરી એક અનુપમ કૃતિ છે. તે ગદ્યશૈલીમાં છે અને તેનો કાવ્યપ્રકાર કથા છે. અહીં જે પ્રકારનું ગદ્ય વપરાયું છે, તે એટલું તો સરસ છે કે એના રસનું પાન કરવા બેઠેલાને આહારનો રસ પણ રુચતો નથી, એવી પ્રસિદ્ધિ છે. (कादम्बरीरसज्ञानाम् आहारोऽपि न रोचते।)

આ કાદંબરી કથાના પ્રારંભિક ભાગને કથામુખ કહે છે. આમાં એક શુક(પોપટ)ના જીવનનો પૂર્વવૃત્તાન્ત વર્ણવાયો છે. તેની પૃષ્ઠભૂમિ એવી છે કે રાજા શૂદ્રકના દરબારમાં એક કન્યા શુકને લઈને આવે છે. આ શુક પોતાનો પૂર્વવૃત્તાંત જણાવતાં કહે છે તે મુજબ વ્યાધ(શિકારી)થી બચતો બચતો તે એક સરોવર પાસે જઈ ચઢે છે. અહીં તે હારીત નામના એક ઋષિકુમારની નજરે પડે છે. ઋષિકુમાર એને બચાવી લે છે અને પોતાની સાથે જાબાલિ મુનિના આશ્રમમાં લઈ જાય છે. આટલું જણાવ્યા પછી એ શુક જાબાલિ મુનિના આશ્રમનું રાજાની સમક્ષ વર્ણન કરે છે. આ વર્ણનનો કેટલોક અંશ સંપાદિત કરીને અહીં પ્રસ્તુત છે.

આ આશ્રમવર્ણનમાં પ્રાચીન સમયમાં ઋષિ-મુનિઓનું આધ્યાત્મિક જીવન અને ગુરુકુલનું સમગ્ર વાતાવરણ કેવું હતું. તેનું સુંદર આલેખન કરવામાં આવ્યું છે. એ સાથે તે સમયમાં પ્રચલિત અધ્યયન-અધ્યાપન, ધ્યાન-યોગ, જપ-તપ વગેરેની રીતિનો પણ અહીં નિર્દેશ છે. આ રીતે વાચકને ભોગ-વિલાસથી દૂર રહીને વિદ્યોપાર્જન અને તપસ્યા દ્વારા આત્મસુખનો આસ્વાદ કરાવનારી પ્રાચીન ઋષિસંસ્કૃતિનો પરિચય તાદૃશ થાય છે.]

---

अनिलावनमितशिखराभिः प्रणम्यमानमिव वनलताभिः, अनवरतमुक्तकुसुमैः अभ्यर्च्यमानमिव पादपैः, अध्ययनमुखरबटुजनम्, उपचर्यमाणातिथिवर्गम्, आबध्यमानध्यानम्, साध्यमानमन्त्रम्, अभ्यस्यमानयोगम्, क्षाल्यमानवल्कलम्, उपसङ्गृह्यमाणसमिधम्, ग्रथ्यमानाक्षमालम्, अदृष्टपूर्वं कलिकालस्य, अपरिचितम् अनृतस्य, अतिरमणीयम् अपरमिव ब्रह्मलोकम्, आश्रमम् अहम् शुकः अपश्यम्।

यत्र च मलिनता हविर्धूमेषु न चरितेषु, मुखरागः शुकेषु न कोपेषु, तीक्ष्णता कुशाग्रेषु न स्वभावेषु, चञ्चलता कदलीदलेषु न मनःसु, चक्षुरागः कोकिलेषु न परकलत्रेषु, मेखलाबन्धो व्रतेषु न ईर्ष्याकलहेषु, पक्षपातः कृकवाकुषु न विद्याविवादेषु, भ्रान्तिः अनलप्रदक्षिणासु न शास्त्रेषु, वसुसङ्कीर्तनं दिव्यकथासु न तृष्णासु, गणना रुद्राक्षवलयेषु न शरीरेषु, मुनिबालनाशः क्रतुदीक्षया न मृत्युना, रामानुरागो रामायणेन न यौवनेन, मुखभङ्गविकारो जरया न धनाभिमानेन आसीत्।

यत्र च महाभारते शकुनिवधः, पुराणे वायुप्रलपितम्, वयःपरिणामेन द्विजपतनम्, उपवनचन्दनेषु जाड्यम्, अग्नीनां भूतिमत्त्वम्, एणकानां गीतश्रवणव्यसनम्, शिखण्डिनां नृत्यपक्षपातः, भुजङ्गमानां भोगः, कपीनां श्रीफलाभिलाषः मूलानामधोगतिरासीत्।

### ટિપ્પણી

**अनिलावनमितशिखराभिः ( अनिलेन अवनमितानि शिखराणि यासां ताः, ताभिः – बहु. )** વાયુ વડે નીચે નમાવેલી છે ટોચો જેની એવી (વનલતાઓ વડે) **प्रणम्यमानम् इव ( प्र + नम् कर्म. + शानच् > आन वर्त. कृ. )** જાણે કે નમન કરાતું હોય, તેવા **वनलताभिः** વનલતાઓ વડે **अनवरतमुक्तकुसुमैः ( अनवरतम् मुक्तानि कुसुमानि यैः, तैः – बहु. )** સતત વેરાતાં પુષ્પોવાળાં (વૃક્ષો દ્વારા) **अभ्यर्च्यमानम् इव ( अभि + अर्च् कर्म. + शानच् > आन वर्त. कृ. )** જાણે કે પૂજવામાં આવતાં હોય, એવાં **पादपैः** વૃક્ષો વડે **अध्ययनमुखरबटुजनम् ( अध्ययनेन मुखराः बटुजनाः यस्मिन्, तम् – बहु. )** અધ્યયનને કારણે જેમાં શિષ્યો મુખર-વાચાળ બન્યા છે તેવા **उपचर्यमाणातिथिवर्गम् ( उपचर्यमाणः अतिथीनाम् वर्गः यस्मिन्, तम् – बहु. )** મહેમાનોની સેવા કરવામાં આવી રહી છે, જેમાં તેવા **आबध्यमानध्यानम् ( आबध्यमानं ध्यानं यस्मिन्, तम् – बहु, )** (તપસ્વીઓનું) બંધાયેલું છે ધ્યાન જ્યાં, તેવા **साध्यमानमन्त्रम् ( साध्यमानाः मन्त्राः यस्मिन, तम् – बहु. )** સાધવામાં આવી રહ્યા છે મંત્રો જેમાં, તેવા **अभ्यस्यमानयोगम् ( अभ्यस्यमानः योगः यस्मिन्, तम् – बहु. )** અભ્યાસ કરવામાં આવી રહ્યો છે યોગનો જેમાં તેવા **क्षाल्यमानवल्कलम् ( क्षाल्यमानानि वल्कलानि यस्मिन्, तम् – बहु. )** ધોવામાં આવી રહ્યાં છે વલ્કલો જેમાં તેવા **उपसङ्गृह्यमाणसमिधम् ( उपसङ्गृह्यमाणाः समिधः यस्मिन्, तम् – बहु. )** સંગ્રહ કરવામાં આવી રહ્યો છે સમિધાઓનો જેમાં તેવા **ग्रथ्यमानाक्षमालम् ( ग्रथ्यमानाः अक्षमालाः यस्मिन्, तम् – बहु. )** ગૂંથવામાં

આવી રહી છે અક્ષમાળાઓ (જપમાળાઓ) જેમાં તેવા **अदृष्टपूर्वम् ( नास्ति दृष्टं पूर्वम् यस्मिन् तम् - बहु. )** પહેલાં કદી જોયો નથી તેવા, અપૂર્વ **अपश्यम् ( दृश् ह्य. उ. ए.व. )** મેં જોયો, દેખ્યો.

**मलिनता** મલિનતા, કાળાશ **हविर्धूमेषु ( हविषाम् धूमः, तेषु - ष.त. )** હોમદ્રવ્યના ધૂમાડામાં **चरितेषु** (માણસના) આચરણમાં નહીં **मुखरागः ( मुखस्य रागः - ष.त. )** મોઢા ઉપરની લાલાશ **शुकेषु** પોપટોમાં **न कोपेषु** ક્રોધમાં નહીં **तीक्ष्णता** ધારદારપણું **कुशाग्रेषु ( कुशानाम् अग्रम्, तेषु - ष.त. )** દર્ભના અગ્રભાગમાં, ટોચમાં **कदलीदलेषु ( कदलीनाम् दलानि, तेषु - ष.त. )** કેળનાં પાનમાં **मनःसु** મનમાં **चक्षुरागः ( चक्षुषः रागः - ष.तत्पु. )** આંખોની લાલિમા **परकलत्रेषु ( परेषाम् कलत्रम्, तेषु - ष.त. )** પારકી સ્ત્રીઓમાં (**कलत्रम्** આ નપુંસકલિંગનો શબ્દ છે, પણ તે સ્ત્રીના અર્થમાં વપરાય છે.) **मेखलाबन्धः ( मेखलायाः बन्धः - ष.त. )** મેખલાનું બાંધવું **ईर्ष्याकलहेषु ( ईर्ष्यायाः कलहः, तेषु - ष.त. )** ઈર્ષ્યાને કારણે થયેલા ઝઘડામાં **कृकवाकुषु** કૂકડાઓમાં (પર્યાય - **कुक्कुटः**) **विद्याविवादेषु ( विद्यायाः विवादः, तेषु - ष.त. )** વિદ્યાને લગતા વિવાદોમાં **अनलप्रदक्षिणासु ( अनलस्य प्रदक्षिणा, तासु - ष.त. )** અગ્નિની પ્રદક્ષિણા-ફેરામાં **वसुसङ्कीर्तनम् ( वसूनाम् सङ्कीर्तनम् - ष.तत्पु. )** વસુ-ધનનું વર્ણન **रुद्राक्षवलयेषु ( रुद्राक्षाणाम् वलयः, तेषु - ष.त. )** રૂદ્રાક્ષની માળામાં **मुनिबालनाशः ( मुनीनाम् बालः - ष.त. )** 1. મુનિઓના બાળક 2. મુનિઓના વાળ (**मुनिबालानाम् नाशः - ष.तत्पु.**) મુનિબાલનો વિનાશ **क्रतुदीक्षया ( क्रतोः दीक्षा, तया - ष.त. )** યજ્ઞની દીક્ષા થકી **रामानुरागः** ( 1. **रामे अनुरागः - ष.त.** ) દશરથપુત્ર રામમાં પ્રેમ (2. **रामायाम् अनुरागः - ष.तत्पु.** ) રમણી-સ્ત્રીમાં પ્રેમ **मुखभङ्गविकारः ( मुखे भङ्गः - स.तत्पु., मुखभङ्गस्य विकारः - स.त. )** 1. (વૃદ્ધાવસ્થામાં) મોઢા ઉપરનો કરચલીરૂપ વિકાર, 2. (ધનના અભિમાનમાં) મોઢાના હાવ-ભાવમાં વિકાર **जरया** વૃદ્ધાવસ્થા થકી **धनाभिमानेन ( धनस्य अभिमानः - ष.त. )** ધન-પૈસાના અભિમાનથી.

**शकुनिवधः ( शकुनेः वधः - ष.त. )** 1. શકુનિ-મામાનો વધ 2. શકુનિ-પક્ષીનો વધ **वायुप्रलपितम् ( वायोः प्रलपितम् - ष.त. )** 1. વાયુ-દેવતા દ્વારા કહેલું 2. વાયુ-વાતરોગથી થતો પ્રલાપ **वयःपरिणामेन ( वयसः परिणामः -ष.त. )** ઉંમરના પાકવાના કારણે **द्विजपतनम् ( द्विजानां पतनम् ष.त. )** 1. દ્વિજ-દાંતનું પતન 2. દ્વિજ-બ્રાહ્મણનું પતન **उपवनचन्दनेषु ( उपवनस्य चन्दनानि, तेषु - ष.त. )** ઉપવન-બગીચામાંનાં ચંદન વૃક્ષોમાં **जाड्यम्** 1. જડતા, મૂર્ખતા 2. શીતતા, ઠંડક **भूतिमत्त्वम्** 1. ભૂતિ-ઐશ્વર્યપણું, વૈભવપણું 2. ભૂતિ-રાખપણું **एणकानाम्** મૃગલાંઓનું **गीतश्रवणव्यसनम् ( गीतस्य श्रवणम् - ष.तत्पु. गीतश्रवणस्य व्यसनम् - ष.त. )** ગીત સાંભળવાની ટેવ **शिखण्डिनाम्** મોરોનો **नृत्यपक्षपातः ( नृत्येषु पक्षपातः - स.त. )** 1. નાચવાના સમયે પીંછાંઓનો પાત-પતન 2. નૃત્યની બાબતમાં પક્ષપાત **भुजङ्गमानाम्** સાપોનો **भोगः** 1. ફેણ 2. વિષયોનો ઉપભોગ **कपीनाम्** વાંદરાઓનો **श्रीफलाभिलाषः ( श्रीफलेन अभिलाषः - स.त. )** 1. શ્રીફળ-બિલ્વફળોમાં ઇચ્છા 2. શ્રીફળ-લક્ષ્મી (ને લીધે પ્રાપ્ત થતાં સુખ-સાધનો)ની બાબતમાં ઇચ્છા. **अधोगतिः** 1. નીચે તરફ થતી ગતિ 2. અધઃપતન.

## સન્ધિ

मेखलाबन्धो व्रतेषु (मेखलाबन्धः व्रतेषु)। रामानुरागो रामायणेन (रामानुरागः रामायणेन)। मुखभङ्गविकारो जरया (मुखभङ्गविकारः जरया)। मूलानामधोगतिरासीत् (मूलानाम् अधोगतिः आसीत्)।

## વિશેષ

**પરિસંખ્યા :** પરિસંખ્યા એટલે વર્જનબુદ્ધિ. અર્થાત્ એક વસ્તુનું પ્રતિપાદન કરવામાં આવતાં બીજી વસ્તુઓનું નિરાકરણ કે નિષેધ થઈ જાય, તે. આવી પરિસંખ્યા બે પ્રકારની છે. (૧) જ્યારે શબ્દ દ્વારા એક વસ્તુનું પ્રતિપાદન કરીને બીજી વસ્તુઓનું નિરાકરણ કરવામાં આવ્યું હોય, ત્યારે એ શાબ્દી પરિસંખ્યા હોય છે. (૨) જ્યારે (શબ્દના) અર્થ દ્વારા એક વસ્તુનું પ્રતિપાદન કરીને બીજી વસ્તુઓનું નિરાકરણ કરવામાં આવ્યું હોય, ત્યારે એ આર્થી પરિસંખ્યા હોય છે.

આ બંને પ્રકારની પરિસંખ્યાના ઉદાહરણો નીચે પ્રમાણે છે.

**1. શાબ્દી પરિસંખ્યા :**

यत्र (आश्रमे) मलिनता हविर्धूमेषु (भवति)। न तु (आश्रमस्थानां मुनिजनानां) चरितेषु (मलिनता भवति)। અહીં હવિના ધૂમમાં મલિનતા કહેવામાં આવી છે. આથી (હવિના ધૂમ સિવાય) બીજી બધી વસ્તુઓમાં મલિનતાનું નિરકરણ થઈ જાય છે. (અર્થાત્ આશ્રમમાં એક માત્ર હવિના ધૂમમાં જ મલિનતા હતી. એ સિવાય બીજી કોઈ વસ્તુમાં મલિનતા હતી નહિ.)

**2. આર્થી પરિસંખ્યા :** પ્રસ્તુતમાં મલિનતા શબ્દ દ્વારા પરિસંખ્યા છે, એટલે આને શાબ્દી પરિસંખ્યા તરીકે ઓળખવામાં આવે છે.

यत्र (आश्रमे) महाभारते (एव) शकुनिवधः (अर्थात् महाभारतगतस्य पात्रस्य वधः) भवति। परन्तु आश्रमे शकुनिवधः (अर्थात् शकुनीनां पक्षिणाम् वधः) न भवति। અહીં મહાભારતના કથાનકમાં શકુનિનો વધ કહેવામાં આવ્યો છે. આ કથન ઉપરથી (મહાભારતના કથાનક સિવાય) બીજા કોઈ સ્થળે શકુનિ (અર્થાત્ પક્ષી)ના વધનું નિરાકરણ થઈ જાય છે. (એટલે કે આશ્રમમાં કહેવામાં આવતી મહાભારતની કથામાં તો શકુનિનો વધ થતો હતો, પરંતુ એ સિવાય બીજે ક્યાંય શકુનિ = પક્ષીનો વધ થતો નહિ.)

પ્રસ્તુતમાં શકુનિ શબ્દના અર્થ દ્વારા પરિસંખ્યા છે, એટલે એને આર્થીપરિસંખ્યા તરીકે ઓળખવામાં આવે છે.

## સ્વાધ્યાય

**1. यथास्वं विकल्पम् चित्वा लिखत।**

(1) कैः अभ्यर्चमानमिव आश्रमं शुकः अपश्यत् ?

(क) वनलताभिः (ख) पादपैः (ग) जनैः (घ) मुनिभिः

(2) आश्रमः कस्य अदृष्टपूर्वः आसीत् ?

(क) जनस्य (ख) शुकस्य (ग) ऋषिजनस्य (घ) कलिकालस्य

(3) चक्षुरागः कुत्र आसीत् ?

(क) मुनिषु (ख) पशुषु (ग) मानवेषु (घ) शुकेषु

(4) आश्रमे भ्रान्तिः कुत्र न आसीत् ?

(क) यज्ञकर्मणि (ख) शास्त्रेषु (ग) मनःसु (घ) व्रतेषु

(5) नृत्यपक्षपातः केषाम् आसीत् ?

(क) शिखण्डिनाम् (ख) कृकवाकूनाम् (ग) कोकिलानाम् (घ) भुजङ्गानाम्

**2. अधोलिखितानां प्रश्नानाम् उत्तराणि संस्कृतभाषया लिखत।**

(1) अतिरमणीयम् आश्रमं कः अपश्यत् ?

(2) आश्रमे मलीनता कुत्र आसीत् ?

(3) आश्रमे तीक्ष्णता कुत्र न आसीत् ?

(4) गीतश्रवणव्यसनं केषाम् आसीत् ?

(5) मूलानां का गतिः आसीत् ?

**3. સસંદર્ભ સમજાવો :**

(1) तीक्ष्णता कुशाग्रेषु न स्वभावेषु।

(2) वसुसङ्कीर्तनं दिव्यकथासु।

(3) महाभारते शकुनिवधः।

**4. માતૃભાષામાં ઉત્તર લખો :**

(1) વનલતાઓ અને પાદપો દ્વારા આશ્રમમાં શું શું થતું હતું ?

(2) આશ્રમમાં ચંચળતાની સ્થિતિ શી હતી ?

(3) વસુસંકીર્તનનો આશય શો છે ?

(4) 'રામાનુરાગ' - શબ્દના કેટલા અર્થ છે ? કયા કયા ?

(5) શ્રીફલાભિલાષ શું છે અને તે કોનો છે ?

**5. પાઠના આધારે આશ્રમનું વર્ણન તમારા શબ્દોમાં કરો.**

**6. क-वर्गं ख-वर्गेण सह यथास्वं योजयत।**

| क-वर्गः | ख-वर्गः |
|---|---|
| 1. मेखलाबन्धः | (1) क्रतुदीक्षया |
| 2. न भ्रान्तिः | (2) महाभारते |
| 3. मुनिबालनाशः | (3) पुराणे |
| 4. शकुनिवधः | (4) व्रतेषु |
| 5. एणकानाम् | (5) गीतश्रवणव्यसनम् |
| | (6) शास्त्रेषु |

•